| 10 | Paid up Debt Capital/ Outstanding Debt | 7,792.14 | 6,713.02 | 7,081.20 | 8,212.70 | 7,050.17 | 7,459.32 |
| 11 | Outstanding Redeemable Preference Shares | - | - | - | - | - | - |
| 12 | Debt Equity Ratio (No. of times) | 3.25 | 4.12 | 4.00 | 3.34 | 4.22 | 4.10 |
| 13 | Earning per share (of ₹ 10/- each) (for continuing and discontinued operations) - (not annualised for quarter)) | | | | | | |
| | 1. Basic (₹) | 4.21 | 3.66 | 15.11 | 4.73 | 3.73 | 15.31 |
| | 2. Diluted (₹) | 4.21 | 3.66 | 15.11 | 4.73 | 3.73 | 15.31 |
| 14 | Capital Redemption Reserve | Nil | Nil | Nil | NA | NA | NA |
| 15 | Debenture Redemption Reserve | Nil | Nil | Nil | NA | NA | NA |
| 16 | Debt Service Coverage Ratio | NA | NA | NA | NA | NA | NA |
| 17 | Interest Service Coverage Ratio | NA | NA | NA | NA | NA | NA |

**Notes:**

a) The above is an extract of the detailed format of unaudited financial results for the quarter and half year ended 30 September 2024 which have been reviewed by the Audit Committee and subsequently approved by the Board of Directors in their meeting held on 23 October 2024, subjected to limited review / audit by the Statutory Auditors and filed with the Stock Exchanges under Regulation 33 and 52 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly / Annual Financial Results and pertinent disclosures related to other line items referred in the regulation 52 (4) of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, are available on the websites of the Stock Exchanges at www.bseindia.com, www.nseindia.com, and on the website of the Company at www.mas.co.in.

b) The unaudited financial results of the Company have been prepared in accordance with the recognition and measurement principles laid down in the Indian Accounting Standard ('Ind AS') 34 'Interim Financial Reporting' prescribed under Section 133 of the Companies Act, 2013 (the 'Act') read with relevant rules issued thereunder and other accounting principles generally accepted in India and in compliance with Regulation 33 and Regulation 52 of the Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, as amended (the 'SEBI Listing Regulations'). Any application guidance/ clarifications/ directions issued by Reserve Bank of India ('RBI') or other regulators are implemented as and when they are issued/ applicable.

**For and on behalf of the Board of Directors of MAS Financial Services Limited**

**Sd/-**

**Kamlesh C. Gandhi**
**(Chairman & Managing Director)**
**(DIN - 00044852)**

**Place: Ahmedabad**
**Date: 23 October 2024**

# ઠાસરા– સેવાલિયા સ્ટેશનો વચ્ચે દ્વિકરણ કામને લીધે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે

અમદાવાદ, પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના આણંદ – ગોધરા સેક્શનના ઠાસરા – સેવાલિયા સ્ટેશનો વચ્ચે દ્વિકરણના નૉન-ઈન્ટરલોકિંગ કામને લઈને બ્લોક લેવાને કારણે મેમૂ ટ્રેન રદ્દ રહેશે. જેની વિગત આ પ્રમાણે છે :

૧. ટ્રેન નં. ૦૯૩૮૭ આણંદ – ડાકોર મેમૂ ટ્રેન ૨૫ ઓક્ટોબરે રદ્દ રહેશે

૨. ટ્રેન નં. ૦૯૩૯૪ ગોધરા – આણંદ મેમૂ ટ્રેન ૨૫ ઓક્ટોબરે રદ્દ રહેશે

૩. ટ્રેન નં. ૦૯૩૪૯ આણંદ – ગોધરા મેમૂ ટ્રેન ૨૫ ઓક્ટોબરે રદ્દ રહેશે

૪. ટ્રેન નં. ૦૯૧૩૩ આણંદ – ગોધરા મેમૂ ટ્રેન ૨૫ ઓક્ટોબરે રદ્દ રહેશે

૫. ટ્રેન નં. ૦૯૧૩૪ ગોધરા – આણંદ મેમૂ ટ્રેન ૨૫ ઓક્ટોબરે રદ્દ રહેશે

૬. ટ્રેન નં. ૦૯૩૯૫ આણંદ – ગોધરા મેમૂ ટ્રેન ૨૫ ઓક્ટોબરે રદ્દ રહેશે

૭. ટ્રેન નં. ૦૯૩૮૮ ડાકોર – આણંદ મેમૂ ટ્રેન ૨૫ ઓક્ટોબરે રદ્દ રહેશે

૮. ટ્રેન નં. ૦૯૩૯૩ આણંદ – ગોધરા મેમૂ ટ્રેન ૨૫ ઓક્ટોબરે રદ્દ રહેશે

૯. ટ્રેન નં. ૦૯૩૯૬ ગોધરા – આણંદ મેમૂ ટ્રેન ૨૫ ઓક્ટોબરે રદ્દ રહેશે

૧૦. ટ્રેન નં. ૦૯૩૦૦ આણંદ – ભરૂચ મેમૂ ટ્રેન ૨૫ ઓક્ટોબરે રદ્દ રહેશે

૧૧. ટ્રેન નં. ૦૯૨૯૯ ભરૂચ - આણંદ મેમૂ ટ્રેન ૨૬ ઓક્ટોબરે રદ્દ રહેશે

આંશિકરૂપે રદ્દ - ટ્રેન નં. ૦૯૩૫૦ દાહોદ-આણંદ મેમૂ ટ્રેન ૨૫ ઓક્ટોબરે ગોધરા સુધી ચાલશે તથા ગોધરા – આણંદ વચ્ચે આંશિકરૂપે રદ્દ રહેશે.

પરિવર્તિત માર્ગથી ચાલનારી ટ્રેનો : ટ્રેન નં. ૦૯૪૫૧ ગાંધીધામ - ભાગલપુર સ્પેશિયલ એક્સપ્રેસને ૨૫.૧૦.૨૪ ના રોજ પરિવર્તિત માર્ગ વાયા ગેરતપુર-આણંદ-બાજવા-છાયાપુરી-ગોધરા થી ચલાવવામાં આવશે.

રેલવે યાત્રીઓને વિનંતી છે કે ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને યાત્રા કરે. ટ્રેનોના પરિચાલન સમય, રોકાણ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રીwww.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# જાન્યુઆરીથી સપ્તાહમાં પાંચ-દિવસ-ઑફિસ નીતિ લાગુ કરવા નિર્ણય

*નવી દિલ્હી,* Amazon Web Services (AWS)*ના* CEO *મેટ ગાર્મને જાન્યુઆરીથી શરૂ થતી સપ્તાહમાં પાંચ-દિવસ-ઑફિસ નીતિ લાગુ કરવાના કંપનીના નિર્ણયનો ખુલ્લેઆમ બચાવ કર્યો છે. અહેવાલ મુજબ, સર્વસંમતિથી મળેલી બેઠકમાં, ગર્મને સ્પષ્ટ કર્યું કે જે કર્મચારીઓ પૂર્ણ-સમય ઑફિસમાં પાછા ફરવા માંગતા નથી તેમની પાસે નોકરી છોડવાનો વિકલ્પ છે. "જો એવા લોકો હોય કે જેઓ તે વાતાવરણમાં સારી રીતે કામ નથી કરી શકતા અથવા કરવા નાથી માંગતા તો કઈ વાંધો નહિ, બીજી પણ ઘણી કંપનીઓ છે," તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આનો અર્થ નકારાત્મક રીતે ન હતો, પરંતુ એમેઝોન કેવી રીતે સકારાત્મક સહયોગી કાર્ય વાતાવરણ બનાવવા માંગે છે તેનું પ્રતિબિંબ હતું.*

*ગાર્મને જણાવ્યું હતું કે, કંપનીએ રિમોટ વર્ક સાથે અસરકારક રીતે નવીનતા લાવવા અને સહયોગ કરવા માટે સંઘર્ષ કર્યો છે. તેમણે કહ્યું કે એમેઝોનની અગાઉની નીતિ, જેમાં ઑફિસમાં ત્રણ દિવસ કામ કરવાની જરૂર હતી, તે હેતુ મુજબ કામ કરી રહી નથી. "જ્યારે અમે ખરેખર રસપ્રદ ઉત્પાદનો પર નવીનતા લાવવા માંગીએ છીએ, ત્યારે મેં વ્યક્તિગત રૂપે હાજર રહ્યા વિના તે શક્ય જ નથી." વર્તમાન ત્રણ દિવસની નીતિએ કર્મચારીઓ માટે એકબીજા સાથે જોડાવું અને સાથે કામ કરવું મુશ્કેલ બનાવ્યું છે, કારણ કે તેઓ ઘણીવાર અલગ-અલગ દિવસોમાં ઓફિસમાં હોય છે.*

*એમેઝોનના નેતૃત્વ સિદ્ધાંતો, જે કંપનીની કામગીરીને માર્ગદર્શન આપે છે, દૂરસ્થ કાર્ય સેટિંગમાં અમલમાં મૂકવું મુશ્કેલ છે. એમેઝોનના ઘણા કર્મચારીઓ દ્વારા પાંચ-દિવસના કાર્યસપ્તાહમાં જવાના પગલાની ટીકા કરવામાં આવી છે, જેઓ દલીલ કરે છે કે મુસાફરી એ સમયનો બગાડ છે અને ઑફિસમાંથી કામ કરવાના ફાયદા ડેટા દ્વારા સમર્થિત નથી. કેટલાક કર્મચારીઓ કે જેમણે હાલની ત્રણ-દિવસીય નીતિનું પાલન કર્યું ન હતું તેઓને કહેવામાં આવ્યું હતું અને તેઓ "સ્વૈચ્છિક રીતે રાજીનામું આપી રહ્યા છે". કંપની સિસ્ટમ્સમાં તેમની ઍક્સેસ રદ કરવામાં આવી હતી. એમેઝોનનો ઑફિસ વર્કનો અભિગમ* Google, Meta *અને* Microsoft*જેવી ઘણી અન્ય ટેક કંપનીઓ કરતાં વધુ કડક છે, જેમણે વધુ લવચીક નીતિઓ અપનાવી છે. જેમાં બેથી ત્રણ દિવસના ઑફિસ વર્કની જરૂર છે.* CEO *એન્ડી જેસીએ ગયા મહિને જાહેરાત કરી હતી કે કંપનીમાં સહયોગ અને નવીનતા સુધારવા માટે પાંચ દિવસના ઑફિસ વર્ક જરૂરી છે. જે કર્મચારીઓને લાગે છે કે તેઓ નવી નીતિ સાથે અનુકૂલન કરી શકતા નથી, ગાર્મનનો સંદેશ સરળ હતો: " ઠીક છે, આસપાસ અન્ય ઘણી કંપનીઓ છે." તેમણે કહ્યું કે એમેઝોનની અગાઉની નીતિ, જેમાં ઑફિસમાં ત્રણ દિવસ કામ કરવાની જરૂર હતી, તે હેતુ મુજબ કામ કરી રહી નથી. "જ્યારે અમે ખરેખર રસપ્રદ ઉત્પાદનો પર નવીનતા લાવવા માંગીએ છીએ, ત્યારે મેં વ્યક્તિગત રૂપે હાજર રહ્યા વિના તે શક્ય જ નથી."*

# કેનેડામાં ડર હેઠળ જીવતા ભારતીયો, બે ટંકનું રળવું પણ મુશ્કેલ બન્યુ

નવી દિલ્હી,

કેનેડા અને ભારત વચ્ચેના સંબંધો બગડતા હવે ત્યાં રહેતા ભારતીય વિદ્યાર્થીઓ ડરમાં જીવી રહ્યા છે. તેમને એક જ વાત સતાવી રહી છે કે બંને દેશો વચ્ચે આમને આમ સંબંધો બગડતા રહ્યા તો તેમની કેવી હાલત થશે. આનાથી તેમના અભ્યાસ, કામ અને અન્ય પ્લાન્સ પર પણ પાણી ફરી જાય એવી સ્થિતિનું નિર્માણ થઈ ગયું છે. કેનેડામાં નિજ્જર હત્યાકાંડ મુદ્દે જસ્ટિન ટ્રુડોના વલણથી નારાજ ભારતે પણ વળતો જવાબ આપ્યો છે. તેમને ડિપ્લોમેટ્સ અને ઓફિશિયલ્સને પરત બોલાવવા અને કેનેડાના ડિપ્લોમેટ્સને હાંકી કાઢવાના મુદ્દાની ગંભીરતા સમજાઈ રહી છે. આનાથી ભારતીય વિદ્યાર્થીઓ હવે કેનેડામાં ફફડી ગયા છે કે આપણું શું થશે.

એડમોન્ટનમાં આવેલી યુનિવર્સિટી ઓફ એલ્બર્ટાની એક વિદ્યાર્થીનીએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું કે મને અત્યારે બંને દેશોના ખરાબ સંબંધોની ચિંતા એટલા માટે થઈ રહી છે કે મારુ ભવિષ્ય હું જોઈ રહી નથી. હું અહીં એમ.એસ.નો અભ્યાસ કરી રહી છું અને નોકરી લેવા માટે વલખા મારી રહી છું. પણ મને નથી ખબર પડી રહી કે આગળ મારુ ભવિષ્ય કેવી રીતે પ્લાન કરું.

આ બધી જ પરિસ્થિતિ વચ્ચે કેનેડાએ તેના ટેમ્પરરી ફોરેન વર્કર પ્રોગ્રામના નિયમો પણ કડક કરી દીધા છે. જે સપ્ટેમ્બર મહિનાથી લાગુ થઈ ગયા છે અને આમાં કેનેડિયન બિઝનેસમાં ઓછા પગારે કામ કરતા કર્મચારીઓમાં માત્ર ૧૦ ટકા જ ફોરેન વર્કરનો સમાવેશ કરવાનો નિર્ણય સામેલ છે. આનાથી સીધી અસર કેનેડામાં કામ કરતા ભારતીયોની સંખ્યા પર પડી છે. તેમને ફરજિયાત પાર્ટ ટાઈમ કે પછી અંડર પેઈડ જોબ કરવાની નોબત આવી ગઈ છે.બ્રેમ્પટનમાં રહેતા ૨૬ વર્ષીય ભારતીય મૂળના યુવકે કહ્યું કે રોજ સવારે ઉઠીને હું રેસ્ટોરાં, કાર વોશ અને મેઈન્ટેનન્સ કંપનીમાં જઉ છું અને એક જ આશા રાખુ છું કે કોઈ મને નોકરી પર રાખી લે. જે પ્રમાણે બંને દેશો વચ્ચે સંબંધો બગડી રહ્યા છે તે મારા ભવિષ્ય માટે જરાય સારા નથી લાગી રહ્યા. મારે કદાચ ભારતમાં શિફ્ટ થઈને જ મારા તમામ સપના પૂરા કરવા પડશે એમ લાગી રહ્યું છે.અન્ય એક ૨૪ વર્ષીય ભારતીય યુવકે મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું કે હું છેલ્લા ઘણા સમયથી એક વીડિયો એડિટર તરીકે કામ કરી રહ્યા છું. આની સાથે સાથે કન્ટેન્ટ મોડરેટર તરીકે સવારે અને પાર્ટ ટાઈમ કૂક તરીકે રાત્રે કામ કરું છું. જોકે કૂકની નોકરી મારી છૂટી ગઈ કારણ કે એ રેસ્ટોરાં જ બંધ થઈ ગઈ હતી. અત્યારે કેનેડામાં એક બાજુ કોસ્ટ ઓફ લિવિંગ વધારે છે એના લીધે બે જોબ ન કરું તો મારુ ગુજરાન ચલાવવું મુશ્કેલ બની જાય છે. અત્યારે સ્થિતિ એવી છે કે હું ભારતમાં ડોલર્સ કમાઈને મોકલી શકું એવી સ્થિતિ પણ નથી. તેમને લાગી રહ્યું છે કે કેનેડામાં જોબ માર્કેટ પણ પડી ભાંગી રહ્યું છે. ભારતીયોને નોકરી કરવી તો કઠિન જ બની રહે છે.

# "દાના" ચક્રવાતી તોફાનને કારણે પુરી-ગાંધીધામ એક્સપ્રેસ ટ્રેન રદ્દ રહેશે

પૂર્વ તટ રેલવેમાં ચક્રવાત "દાના" ને કારણે મુસાફરોની સલામતી અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને પુરી-ગાંધીધામ એક્સપ્રેસ ટ્રેન રદ્દ રહશે. તારીખ ૨૬ ઓક્ટોબર, ૨૦૨૪ ના રોજ પુરીથી ચાલનારી ટ્રેન સંખ્યા ૨૨૯૭૪ પુરી-ગાંધીધામ એક્સપ્રેસ ટ્રેન રદ્દ રહેશે. મુસાફરો ટ્રેનોના સમય અને સ્ટોપેજ સંબંધિત વિગતવાર માહિતી માટે કૃપા કરીને www. enquiry. indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# ગુજરાત સાયન્સ સિટી દ્વારા ઘાટલોડિયાની શાળામાં વિજ્ઞાન,ગણિત અને પર્યાવરણ પ્રદર્શનનું આયોજન કરાયું




અમદાવાદ, ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટી વિદ્યાર્થીઓ અને લોકોમાં વિજ્ઞાન પ્રત્યે રૂચિ વધે તે માટે સતત પ્રયત્નશીલ છે. જેના માટે ગુજરાત સાયન્સ સિટી દ્વારા અવારનવાર વિજ્ઞાન વિષયક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું રહે છે. ત્યારે અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારમાં આવેલી નૂતન વિદ્યા વિહાર ઉચ્ચતર માધ્યમિક શાળામાં વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. ગુજરાત સાયન્સ સિટી, જિલ્લા શિક્ષણ કચેરી ગ્રામ્ય, શ્રી મહાલક્ષ્મી ગ્રામીણ શિક્ષણ અને તાલીમ ભવન તથા તક્ષશિલા શાળા વિકાસ સંઘના સહયોગથી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગનું વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારંભના અધ્યક્ષ તરીકે ગુજરાત સાયન્સ સિટીના સાયન્સ પોપ્યુલરાઈઝેશન વિભાગના જનરલ મેનેજર ડો. વ્રજેશ પરીખ અને અતિથિ વિશેષ તરીકે ડો. જે.વી પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ડો. વ્રજેશ પરીખે વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી કરીને વિદ્યાર્થીઓ દ્વારા નિર્મિત પ્રોજેક્ટ નિહાળીને ખુશી વ્યક્ત કરી હતી. -

# ગ્રીન એનર્જીમાં ગ્લોબલ લીડર બનવા 'અદાણી મુંદ્રા ક્લસ્ટર'ની કવાયત્



અમદાવાદ, ગુજરાતની પુન:પ્રાપ્ય ઊર્જા ક્ષમતાનો લાભ ઉઠાવતા અદાણી મુંદ્રા ક્લસ્ટર દક્ષિણ એશિયામાં અગ્રણી ગ્રીન હાઈડ્રોજન હબ બનવા માટે તૈયાર છે. અદાણી જૂથે ગ્રીન એનર્જીમાં અગ્રેસર બનવા માટે વૈશ્વિક ફોરમમાં પહેલ કરી કરી છે. ગ્રીન એનર્જીમાં ગ્લોબલ લીડર બનવાના ઉદ્દેશથી અદાણી મુંદ્રા ક્લસ્ટરની રચના કરવામાં આવી છે. વર્લ્ડ ઈકોનોમિક ફોરમની 'ટ્રાન્સિશનિંગ ઈન્ડસ્ટ્રિયલ ક્લસ્ટર્સ' પહેલમાં અદાણી એન્ટરપ્રાઈઝ લિમિટેડ, અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ (છજીઈઢ) અને અંબુજા સિમેન્ટ્સ લિમિટેડ સહિતની કંપનીઓ અદાણી મુંદ્રા ક્લસ્ટરની રચના કરવા જોડાઈ છે.

અદાણી મુંદ્રા ક્લસ્ટર પહેલ અંતર્ગત ૨૦૫૦ સુધીમાં આર્થિક વૃદ્ધિ, નોકરીઓનું સર્જન અને ડીકાર્બોનાઈઝેશનના લક્ષ્યોને આગળ વધારવા કંપનીઓ વચ્ચે પરસ્પર સહયોગને પ્રોત્સાહન આપવામાં આવશે. ૧૯૯૩ થી મુન્દ્રાનો પોર્ટ બિઝનેસ ભારતના સૌથી મોટા બંદર અને સમૃદ્ધ ઔદ્યોગિક ક્લસ્ટરમાં પરિવર્તિત થયો છે, જેમાં સોલાર મોડ્યુલ અને વિન્ડ ટર્બાઈન ઉત્પાદનથી લઈને પડકારજનક સિમેન્ટ ઉત્પાદન સુધીના વિવિધ ક્ષેત્રોનો સમાવેશ થાય છે.

અદાણી મુન્દ્રા ક્લસ્ટરનું લક્ષ્ય ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદનમાં ગ્લોબલ લીડર બનવાનું છે, જે ૨૦૩૦ સુધીમાં વાર્ષિક ૧ મિલિયન મેટ્રિક ટનનું ઉત્પાદન કરવાની યોજના ધરાવે છે. ૨૦૪૦ સુધીમાં તેનું ઉત્પાદન ૩ મિલિયન મેટ્રિક ટન સુધી વિસ્તરશે. વળી સૌર, પવન સંલગ્ન મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા તેને સમર્થન આપવામાં આવશે. ઈલેક્ટ્રોલાઈઝર ઉત્પાદન ક્ષમતા આ ક્લસ્ટરને ભારતની ગ્રીન એનર્જી યાત્રામાં મોખરે સ્થાન આપશે. (૧૯-૧૧)

# 'મેરિલના 'ટ્રીટમેન્ટ જરૂરી હૈ' કેમ્પેઈને ધોનીને ફીચર કરનારા એઆઈ-પાવર્ડ પર્સનલાઈઝ્ડ વીડિયો રજૂ કર્યા'




અમદાવાદ, વિશ્વની અગ્રણી મેડિકલ ડીવાઈઝ કંપની મેરિલે તેના 'ટ્રીટમેન્ટ જરૂરી હૈ' (ટીઝેડએચ) કેમ્પેઈનનો બીજો તબક્કો લૉન્ચ કર્યો છે, જેમાં ખ્યાતનામ ક્રિકેટર એમએસ ધોનીનો એઆઈની મદદથી તૈયાર કરવામાં આવેલો પર્સનલાઈઝ્ડ વીડિયો મેસેજ રજૂ કરવામાં આવ્યો છે. આ નવા અભિગમનો ઉદ્દેશ્ય દર્દીઓને સમયસર તબીબી સારવાર લેવા માટે સક્ષમ બનાવવાનો તથા વિવિધ સારવાર સાથે સંકળાયેલા ભયને દૂર કરવાનો છે. એઆઈ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને મેરિલ હેલ્થકૅર કમ્યુનિકેશનને વધુ પર્સનલાઈઝ બનાવી રહી છે અને અત્યાધુનિક તબીબી સારવારના મહત્વ પર પ્રકાશ પાડીને દર્દીઓને તેમની સુખાકારી માટે સક્રિય પગલાં લેવાની વિનંતી કરી રહી છે. આ કેમ્પેઈન હૃદયની બીમારી, જોઈન્ટ રીપ્લેસમેન્ટ, બેરિયાટ્રિક સર્જરી વગેરે સહિતની વિવિધ બીમારીઓ અને સારવાર પર કેન્દ્રીત છે. તેમાં એ વાતને મહત્ત્વ આપવામાં આવ્યું છે કે, જો સ્વાસ્થ્યને લગતી તકલીફોનો બરાબર ઈલાજ કરવામાં ના આવે તો, તે ફક્ત દર્દીઓ સાથે પરિજનોને પણ અસર થાય છે. એમએસ ધોનીને સામેલ કરનારા પર્સનલાઈઝ્ડ વીડિયોનો ઉદ્દેશ્ય દર્દીઓને તેમની આશંકાઓનું સમાધાન મેળવવા તથા અત્યાધુનિક તબીબી સારવારની અસરકારકતા અને સલામતી પર વિશ્વાસ મૂકવા માટે પ્રોત્સાહિત કરવાનો છે. ટીઝેડએચ કેમ્પેઈનના નવા તબક્કામાં કસ્ટમાઈઝ મેસેજ પહોંચાડવા માટે એઆઈ ટેકનોલોજીને સામેલ કરવામાં આવી છે. (૧૯-૧)

# SVPI એરપોર્ટ દ્વારા 'વન નેશન બિલિયન સેલિબ્રેશન' અભિયાન લોન્ચ




અમદાવાદ, વૈશ્વિકસ્તરે વૈવિધ્યસભર અદાણી ગ્રુપની ફ્લેગશિપ કંપની અદાણી એન્ટરપ્રાઈઝીસની પેટાકંપની અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સ લિમિટેડ (AAHL) સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ (SVPIA) વન નેશન બિલિયન સેલિબ્રેશન અભિયાન લોન્ચ કર્યું છે. જેનો હેતુ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓને વાર્ષિક ઉત્સવમાં ખરીદીનો આહલાદક આનંદ આપવાનો છે. આ કાર્યક્રમ અંતર્ગત ૧૫મી ઑક્ટોબર, ૨૦૨૪ થી ૧૦મી જાન્યુઆરી, ૨૦૨૫ સુધી તેમાં ONBC પ્રાદેશિક ઉત્સવની ઉજવણી કરવામાં આવશે. જેમાં વિવિધ વિષયોને સાંકળતી પેસેન્જર એંગેજમેન્ટ એક્ટિવીટીઝ અને આકર્ષક હરીફાઈઓમાં ભાગ લઈ મુસાફરો ગેરંટેડ ગીફ્ટ્સ જીતી શકે છે. અભિયાન દરમિયાન SVPIA મારફત મુસાફરી કરતા યાત્રીકો ભારતના વૈવિધ્યસભર સાંસ્કૃતિક લેન્ડસ્કેપ માણવાનો લાભ લઈ શકશે. દિવાળી, ક્રિસમસ અને નવા વર્ષ જેવા તહેવારોનો આનંદ માણી શકશે. હાલમાં, એરપોર્ટને દિવાળી માટે અંધકાર પર પ્રકાશની જીત દર્શાવતા મનમોહક સજાવટથી શણગારવામાં આવ્યું છે. વન નેશન બિલિયન સેલિબ્રેશન દરમિયાન વિવિધ સ્પર્ધાઓ મુસાફરોને આકર્ષક ઈનામો જીતવાની તક અપાશે જેમાં આંતરરાષ્ટ્રીય ટ્રિપ્સ, રોયલ એનફિલ્ડ બાઈક, ક્રોમા વાઉચર્સ, કોક અને રાઈન વેલી ચોકલેટ વગેરેનો સમાવેશ થાય છે. એટલું જ નહીં, SVPIA ખાતે રિટેલ આઉટલેટ્સ પર ખરીદી કરતા મુસાફરોને આકર્ષક ભેટ પણ આપવામાં આવશે. (૧૯-૧૧)

# ફ્રીડમ એટ મિડનાઈટમાં ચિરાગ વોરાને ગાંધી જી તરીકે લેતા દિગ્દર્શક નિખીલ અડવાણી



અમદાવાદ, કોઈ પણ નિર્માતા માટે ઐતિહાસિક ડ્રામા બનાવવા માટે સૌપ્રથમ પડકાર હોય તો તે છે અત્યંત યોગ્ય કાસ્ટ મેળવવી. નિખીલ અડવાણી કે જેઓ પોતાનો અત્યંત મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ ફ્રીડમ એટ નાઈટ બનાવી રહ્યા છે ત્યારે તેમને કાસ્ટીંગમાં ચિરાગ વોરા મળતા જાણે તેમને સોનુ (ખજાનો) મળી આવ્યુ હતું. આ ટીમ અંતિમ દેખાવ પ્રાપ્ત કરતા પહેલા વિવિધ અર્થઘટનમાંથી પસાર થયા હતા. આ દેખાવ પર બહુ ઓછા માણસો કામ કરતા હતા ત્યારે ચિરાગ વોરા તેમના અંતમ દેખાવ સાથે સ્ટેજ પર આવ્યા ત્યારે ટીમ માટે એક દબાણયુક્ત પરીક્ષા હતી. "શું તમે ક્યારેય સ્વસ્થતા અનુભવી છે? આ બધુ તે હતું જ્યારે અમે ગાંધી જીના સેટ પર શૂટીગની તૈયારી કરતી વખતે પસાર થયા હતા. મને દિલથી ખાતરી હતી કે આ ભૂમિકામાં ગાઢ રીતે કામ કરતો હોવાથી મારી જાતને બીજી વ્યક્તિ હોવા તરીકેનું અનુમાન કરતો હતો. મારી ટીમ અને મારા માટે તે ખરેખર ત સત્યની ક્ષણ હતી. પરંતુ પછી જે થયું તે સરળ રીતે જ માની શકાય તેવુ ન હતું. સમગ્ર સભ્યો (ક્રૂ) શાંતિવાળા સ્ક્રીનને એક સાથે મુકવામાં વ્યસ્ત હતી." એમ શોરનર અને સિરીઝના દિગ્દર્શક નિખીલ અડવાણીએ જણાવતા ઉમેર્યુ હતુ કે "આ વખતે ખાસ કરીને ગાંધીજીના યુવાનીના વર્ષોમાં તેમનું સાર મેળવવામાં એક પડકાર હતો, કેમ કે બહુ ઓછા લોકો તે સમયે તેઓ કેવા દેખાતા હતા. જોકે, જ્યારે ચિરાગ સેટ પર ગાંધી જી તરીકે પ્રવેશ્યો ત્યારે નીરવ શાંતિ હતી. જૂનવાણી અને યૂવાપેઢી બન્ને ઊંડાણપૂર્વક તેમને સન્માન આપે છે તેની એક શક્તિશાળી યાદગીરી હતી." (૨૦-૪)

પાવરગ્રીડ
POWERGRID

**નોટિસ**

1. **પૂર્વીય ક્ષેત્ર ભૂટાનમાં નવા HEPથી વીજળી ટ્રાન્સફર માટે ભારતીય પ્રણાલીમાં ટ્રાન્સમિશન સિસ્ટમને મજબૂત કરવા સંબંધિત પાવરગ્રીડના કાર્યો** અંતર્ગત CERC (વ્યવસાય સંચાલન) રેગ્યુલેશન 1999 અને CERC (ટેરિફના નિયમો અને શરતો) રેગ્યુલેશન 2019 અંતર્ગત રેગ્યુલેશન-86 હેઠળ (i) 2019-24 સુધીના ટેરિફ બ્લૉક માટે ટ્રાન્સમિશન ટેરિફના નિર્ધારણ અને (ii) અસ્કયામતો માટે 2024-29 ટેરિફ બ્લૉક માટે ટ્રાન્સમિશન ટેરિફના નિર્ધારણને મંજૂરી.
2. ઉપરોક્ત ઉલ્લેખિત ટ્રાન્સમિશન પ્રણાલીના લાભાર્થીઓ : (i) બિહાર સ્ટેટ પાવર (હોલ્ડિંગ) કંપની લિ., (ii) પશ્ચિમ બંગાળ રાજ્ય વીજ વિતરણ કંપની લિ., (iii) ગ્રીડ કોર્પોરેશન ઓફ ઓરિસ્સા લિ., (iv) દામોદર વેલી કોર્પોરેશન , (v) પાવર વિભાગ, સિક્કિમ સરકાર, ગંગટોક, (vi) ઝારખંડ બિજલી વિતરણ નિગમ લિ., (vii) અલીપુરદ્વાર ટ્રાન્સમિશન લિ. છે.
3. ટેરિફની વિગતો:

**a) 2019-24 બ્લૉક** — રૂ. લાખમાં

| અસ્કયામતની વિગત | COD | 31.03.2024 સુધીમાં પૂર્ણ થવાનો ખર્ચ | ટેરિફ | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 |
|---|---|---|---|---|---|---|---|---|
| અસ્કયામત-1 | 14.03.2019 | 4064.61 | નિર્ધારણના આધારે સુધારેલ AFC | 654.12 | 710.88 | 707.80 | 695.76 | 694.80 |
| અસ્કયામત-2 | 22.06.2019 | 994.28 | | 143.95 | 188.98 | 182.66 | 175.54 | 174.03 |
| અસ્કયામત-3 | 01.08.2019 | 1094.41 | | 145.52 | 232.65 | 238.49 | 239.84 | 242.16 |
| અસ્કયામત-4 | 01.08.2019 | 1573.04 | | 218.34 | 315.18 | 308.91 | 310.71 | 313.36 |

**b) 2024-29 બ્લૉક** — રૂ. લાખમાં

| અસ્કયામતની વિગત | 31.03.2029 સુધીમાં પૂર્ણ થવાનો ખર્ચ | ટેરિફ | 2024-25 | 2025-26 | 2026-27 | 2027-28 | 2028-29 |
|---|---|---|---|---|---|---|---|
| સંયુક્ત-અસ્કયામત | 7916.58 | AFC | 1427.84 | 1416.36 | 1373.11 | 1351.34 | 1282.36 |

4. ટેરિફના નિર્ધારણ માટે કરવામાં આવેલી અરજીની નકલ અરજદારની વેબસાઈટ **www.powergridindia.com** પર પોસ્ટ કરવામાં આવે છે.
5. અરજીમાં સમાવિષ્ટ ટેરિફના નિર્ધારણ માટેની દરખાસ્તો પર સૂચનો અને વાંધાઓ, જો કોઈ હોય તો, આ નોટિસ જાહેર થયાના 30 દિવસની અંદર લાભાર્થી સહિત કોઈપણ વ્યક્તિ દ્વારા અરજદારને તેની કોર્પોરેટ ઓફિસના સરનામે એક નકલ સાથે સેક્રેટરી, સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન, ત્રીજો અને ચોથો માળ, ચંદ્રલોક બિલ્ડિંગ, જનપથ, નવી દિલ્હી-110 001 સમક્ષ (અથવા અન્ય સરનામું કે જ્યાં કમિશનની ઓફિસ આવેલી છે) દાખલ કરવાના આવશે.

**સ્થળ: ગુરુગ્રામ** — **સહી/-**
**તારીખ: 24.10.2024** — **મહાપ્રબંધક (વાણિજ્યિક)**

**પાવરગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ**
(ભારત સરકારનું સાહસ)
**રજિસ્ટર્ડ ઓફિસ:** B-9, કુતુબ ઈન્સ્ટિટ્યુશનલ એરિયા, કટવારીઆ સરાઈ, નવી દિલ્હી- 110016
**કોર્પોરેટ ઓફિસ:** "સૌદામિની", પ્લોટ નં.2, સેક્ટર-29, ગુરૂગ્રામ, હરિયાણા -122001
વેબસાઈટ: www.powergrid.in, CIN: L40101DL1989GOI038121
**મહારત્ન PSU**

Piramal Capital & Housing Finance

**પીરામલ કેપીટલ એન્ડ હાઉસીંગ ફાયનાન્સ લિ.**
રજીસ્ટર્ડ ઓફિસ સરનામું : મુંબઈ - ૪૦૦૦૭૦.
શાખા સરનામું : થાણે (પશ્ચિમ) - ૪૦૦૬૦૨.

**સુધારો : ગુરુરાજ હસમુખભાઈ ઠક્કર**

આ દૈનિક સમાચાર પત્રમાં છપાયેલ **તા. ૧૩.૦૯.૨૦૨૪** ના રોજ ડીમાન્ડ નોટીસ ના અનુસંધાને જણાવવાનું કે કૃપા કરીને (LC No. 05100002105) ના બદલે **(LC No. 20100043471)** એમ સુધારીને વાંચવું.
અન્ય બધી વિગતો યથાવત છે.

તારીખ : ૨૪.૧૦.૨૦૨૪
સ્થળ : ગુજરાત
સહી/- (અધિકૃત અધિકારી)
પીરામલ કેપીટલ એન્ડ હાઉસીંગ ફાઈનાન્સ લિમિટેડ

JHAVERI

**Jhaveri Credits and Capital Limited**
**CIN: L65910GJ1993PLC020371**
Regd. Office: B-2, 907-912, Palladium, B/h. Divya Bhaskar Press, Prahladnagar, Nr. Vodafone House, Ahmedabad – 380015
Phone: +91 9712000637 | Website: www.jhavericredits.com | E-mail: csjhavericredits@gmail.com

**Extract of Unaudited Standalone Financial Results for the quarter and half-year ended September 30, 2024** (Rs. in lakhs)

| Particulars | Quarter ended | Quarter ended | Half-Year ended | Year Ended |
|---|---|---|---|---|
| | 30/09/2024 | 30/06/2024 | 30/09/2024 | 31/03/2024 |
| **Revenue from Operations** | **559.42** | **1224.92** | **1784.34** | **2619.62** |
| Profit before exceptional items and tax | 191.34 | 128.04 | 319.38 | 259.10 |
| Profit before tax | 191.34 | 128.04 | 319.38 | 259.10 |
| **Profit for the period** | **139.60** | **93.42** | **233.02** | **161.03** |
| Total Comprehensive Income (after tax) | 139.60 | 93.42 | 233.02 | 161.03 |
| Paid up Equity Share Capital (of Rs. 10 each) | 898.59 | 898.59 | 898.59 | 898.59 |
| Earnings per equity share (of Rs. 10 each) | | | | |
| Basic (Not Annualised) | 1.55 | 1.04 | 2.59 | 2.42 |
| Diluted (Not Annualised) | 1.55 | 1.04 | 2.59 | 2.42 |

Notes:
1 The Audit Committee has reveiwed the above results and the Board of Directors has approved the above results at their respective meetings held on October 24, 2024.
2 The above is an extract of the detailed format of the unaudited financial results for the quarter ended on September 30, 2024 filed with the Stock Exchange pursuant to Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015.
3 The full format of the Unaudited financial results for the quarter ended on September 30, 2024 are available on the Stock Exchange's website (www.bseindia.com) and the Company's website www.jhavericredits.com.

**For Jhaveri Credits and Capital Limited**
**Sd/-**
**Vishnukumar Patel**
**Managing Director**

**Place: Ahmedabad**
**Date: 24-10-2024**

**MADHAV INFRA PROJECTS LIMITED**
CIN: L45200GJ1992PLC018392
**Registered Office:** Madhav House, Plot No -04, Nr. Panchratna Building, Subhanpura, Vadodara - 390 023
**Tel.Fax -** 0265 - 2290722 **Email:** secretarial@madhavcorp.com **Web:** www.madhavcorp.com

**EXTRACT OF STATEMENT OF UN-AUDITED FINANCIAL RESULTS FOR THE HALF YEAR ENDED ON SEPTEMBER 30, 2024**
**(Rs. in Lakh except EPS)**

| Sr. No. | Particulars | Quarter ended on 30/09/2024 | Quarter ended on 30/06/2024 | Quarter ended on 30/09/2023 | Half year ended on 30/09/2024 | Half year ended on 30/09/2023 | Year Ended on 31/03/2024 | Quarter ended on 30/09/2024 | Quarter ended on 30/06/2024 | Quarter ended on 30/09/2023 | Half year ended on 30/09/2024 | Half year ended on 30/09/2023 | Year ended on 31/03/2024 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Un-Audited | Un-Audited | Un-Audited | Un-Audited | Un-Audited | Audited | Un-Audited | Un-Audited | Un-Audited | Un-Audited | Un-Audited | Audited |
| | Nature of Report | Standalone | | | | | | Consolidated | | | | | |
| 1 | Total Income From Operations | 8,950.31 | 5,889.64 | 9,205.77 | 14,839.95 | 15,423.64 | 36,309.19 | 8,878.68 | 6,879.37 | 10,056.99 | 15,758.06 | 22,548.72 | 46,651.06 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | 686.25 | 724.83 | 404.66 | 1,411.09 | 1,408.33 | 2,018.08 | 492.38 | 814.02 | 707.10 | 1,306.40 | 1,638.11 | 2,476.30 |
| 3 | Net Profit/(Loss) for the period before tax ( after Exceptional and/or Extraordinary items) | 686.25 | 724.83 | 404.66 | 1,411.09 | 1,408.33 | 2,018.08 | 492.38 | 814.02 | 707.10 | 1,306.40 | 1,638.11 | 2,476.30 |
| 4 | Net Profit/(Loss) for the period after tax ( after Exceptional and/or Extraordinary items) | 571.65 | 603.78 | 341.53 | 1,175.44 | 1,188.63 | 1,870.11 | 401.26 | 669.42 | 627.01 | 1,070.68 | 1,397.23 | 2,218.64 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | 571.65 | 603.78 | 341.53 | 1,175.44 | 1,188.63 | 2,197.02 | 416.68 | 683.95 | 713.61 | 1,100.63 | 1,546.58 | 2,495.26 |
| 6 | Equity Share Capital | 2,695.82 | 2,695.82 | 2,695.82 | 2,695.82 | 2,695.82 | 2,695.82 | 2,695.82 | 2,695.82 | 2,695.82 | 2,695.82 | 2,695.82 | 2,695.82 |
| 7 | Reserves (excluding Revaluation Reserve as shown in the audited Balance Sheet of the previous year) | | | | | | | | | | | | |
| 8 | **Earnings Per Share (of Rs 1/- each) (for continuing and discontinued operations)-** | | | | | | | | | | | | |
| i. | Basic : (not annualzed for the quarter ended) | 0.21 | 0.22 | 0.13 | 0.44 | 0.44 | **0.82** | 0.15 | 0.25 | 0.26 | 0.41 | 0.57 | 0.93 |
| ii. | Diluted:(not annualzed for the quarter ended) | 0.21 | 0.22 | 0.13 | 0.44 | 0.44 | **0.82** | 0.15 | 0.25 | 0.26 | 0.41 | 0.57 | 0.93 |

Note:
(1) These financial results have been prepared in accordance with the Companies (Indian Accounting Standards) Rules, 2015 (Ind AS) notified by the Ministry of Corporate Affairs and prescribe under section 133 of the Companies Act, 2013 and other accounting principles generally accepted in India. (2) The above financial is an extract of the detailed format of quarterly Financial Results filed with the Bombay Stock Exchange (BSE Ltd.) under Regulation 33 of the SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulation, 2015. The full format of the quarterly Financial Results are available on website of BSE Limited and at the website of the Company at www.madhavcorp.com.

**For, Madhav Infra Projects Limited**
Sd/-
**Amit Khurana**
Managing Director
[DIN:00003626]

**Place : Vadodara**
**Date : October 24,2024**

Printed and Published by MAYUR C. BHATT on behalf of KALYANI PUBLIATION PVT. LTD. and Printed at : Dharti Printers C-3, Shankar Chember, Nr. Fadia Chamber, Asharam Road, Ahmedabad-Published From KALYANI PUBLIATION PVT. LTD. 201,202,208 Nandan complex, opp mithakhali rly crossing, mithakhali, ahmedabad. Editior : Mayur C. Bhatt